અગ્રતાક્રમ-૮ ③

## અબડાસા તાલુકામાં ચેરનું વાવેતર

★ 15/4/1536 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં વન વિભાગ દ્વારા કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવ્યું અને, | (૧) |
| (૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) |

(૧)

| વર્ષ | વાવેતર(હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૨૭૦ |
| ૨૦૨૩-૨૪ | ૩૩૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૬૨.૧૮ |
| ૨૦૨૩-૨૪ | ૯૬.૦૨ |

ક્રમાંકઃવસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.-૧૭/ડબલ્યુ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.:-૧૪/૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા,
સચિવાલય, ગાંધીનગર.

તેઓશ્રીના તારીખઃ ૦૧/૦૨/૨૦૨૪ના પત્ર અન્વયે જરૂરી કાર્યવાહી સારું (વધારાની ત્રણ નકલો સાથે)

(મનીષ મોદી)
સંયુક્ત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

**નકલ રવાનાઃ**

૧. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HoFF), અરણ્ય ભવન, સેકટર-૧૦,ગાંધીનગર.
૨. સંકલન શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. સિલેકટ ફાઇલ

# **અગ્રતાક્રમાંક.૦૮**

પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા)

**પ્રશ્ન –**

**ચેર અંગે ભારત સરકારનો મિષ્ટી પ્રોજેક્ટ શું છે? ગુજરાત રાજ્યમાં આ પ્રોજેક્ટ હેઠળ કઈ કામગીરી કરવામાં આવેલ છે? અને અબડાસા તાલુકામાં આ પ્રોજેકટનો અમલ કરવામાં આવશે કે કેમ?**

**જવાબ–**

- સને **૨૦૨૩–૨૪**માં **કેન્દ્ર સરકાર દ્વારા દરિયા કિનારાના નવ રાજ્યો તથા ત્રણ કેન્દ્રશાસિત વિસ્તારોમાં ચેરના વાવેતર** બાબતનાં MISHTI **(મેન્ગ્રુવ ઈનીશયેટીવ ફોર શોરલાઇન હેબીટાટ એન્ડ ટેન્જીબલ ઇન્કમ)** પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવેલ હતી.
- સદર પ્રોજેક્ટ વર્ષ **૨૦૨૩ થી ૨૦૨૮** સુધીના **પાંચ વર્ષ**ના સમયગાળા દરમિયાન અમલીકરણ કરવામાં આવશે.
- ભારત સરકારશ્રી દ્વારા અનેક મહત્વના કાર્યક્રમોનો શુંભારંભ ગુજરાત રાજયમાંથી જ કરવામાં આવે છે તે જ રીતે મિષ્ટી પ્રોજેક્ટનો શુભારંભ **કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના મંત્રીશ્રી ભુપેન્દ્ર યાદવનાં વરદ હસ્તે તા.૦૬ જુલાઈ ૨૦૨૩ ના રોજ ગુજરાત રાજ્યમાં દ્વારકા** ખાતેથી કરવામાં આવેલ છે.
- આ દિવસે રાજ્યમાં **૧૩ સ્થળોએ મિષ્ટી કાર્યક્રમનું આયોજન** કરવામાં આવ્યું.
- સદર પ્રોજેક્ટ હેઠળ **મેન્ગ્રુવ વિસ્તારોનું મેપિંગ, મેન્ગ્રુવ વિસ્તારોની ભૌગોલિક** તથા **હાઈડ્રોલોજી સ્થિતિ ચકાસવી, નર્સરી સ્થાપના, જનજાગૃતિ કાર્યક્રમો, તાલીમ અને સંશોધન, મોનીટરીંગ તથા ઈકોટુરીઝમ** જેવી પ્રવુત્તિઓ મુખ્યત્વે હાથ ધરવાનું આયોજન છે.
- મિષ્ટી કાર્યક્રમ એકંદરે દરિયાકાંઠાના વિસ્તારમાં ચેર વાવેતર દ્વારા કાંઠાનાં વિસ્તારોને ફળદ્રુપ બનાવવા અને વાવાઝોડા જેવી કુદરતી આપદાઓ સામે રક્ષણ આપવા માટેનો કાર્યક્રમ છે.

(૯) પાછળ

➢ અબડાસા તાલુકામાં પણ ચેર વાવેતર માટેની ક્ષમતા ધરાવતાં વિસ્તારો આવેલ હોઈ ત્યાં પણ ચેર વાવેતર માટેનું આયોજન કરવામાં આવેલ છે.

➢ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન પણ **અબડાસા તાલુકામાં ૩૩૫ હેક્ટર** વિસ્તારને **ચેર વાવેતર હેઠળ આવરી લેવામાં આવેલ છે.**

➢ અબડાસા તાલુકામાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન નીચે મુજબના ૩ ગામોમાં ચેર વાવેતર કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **ગામનું નામ** | **વિસ્તાર** |
|---|---|---|
| ૧ | ગોલાપ | ૩૦ હેક્ટર |
| ૨ | મોહાડી | ૫૦ હેક્ટર |
| ૩ | જખૌ | ૨૫૫ હેક્ટર |
| | **કુલ--** | **૩૩૫ હેક્ટર** |

➢ મને જણાવતા આનંદ થાય છે કે, **માન.પ્રધાનમંત્રીશ્રીનાં સુચન પ્રમાણે કચ્છ જીલ્લામાં કોરીક્રીક અને સીરક્રીક જેવા દુર્ગમ વિસ્તારોમાં** વર્ષ **૨૦૨૩-૨૪માં** કુલ-**૧૦૦૦ હેક્ટર** જેટલા વિસ્તારમાં ચેર વાવેતર માટે વિશિષ્ટ કામગીરી હાથ ધરીને કેમ્પા યોજના હેઠળ વાવેતરની કામગીરી કરવામાં આવેલ છે.

➢ **રાજ્યમાં નવ જીલ્લાઓમાં મિષ્ટી પોગ્રામ અંતર્ગત કુલ-૬૮૦૫ હેક્ટર વિસ્તારમાં ચેર વાવેતરની કામગીરી કરવામાં આવેલ છે.**

| **ક્રમ નં.** | **જિલ્લાનું નામ** | **વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૦૦ હેક્ટર |
| ૨ | અમદાવાદ | ૧૦૦ હેક્ટર |
| ૩ | આણંદ | ૧૦૦ હેક્ટર |
| ૪ | કચ્છ | ૧૭૨૫ હેક્ટર |
| ૫ | સુરત | ૫૩૦ હેક્ટર |
| ૬ | ભરૂચ | ૧૫૮૦ હેક્ટર |
| ૭ | ભાવનગર | ૫૫૦ હેક્ટર |
| ૮ | મોરબી | ૧૮૭૫ હેક્ટર |
| ૯ | જામનગર | ૨૪૫ હેક્ટર |
| | **કુલ ---** | **૬૮૦૫ હેક્ટર** |

## અગ્રતાક્રમાંક.૦૮

શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ)

**પ્રશ્ન –**

**અબડાસા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં મોડલવાર ચેરનું વાવેતર, વાવેલ રોપાની સંખ્યા, તે અંગે થયેલ ખર્ચ અને પ્રજાતીની વિગતો શું છે?**

**જવાબ –**

**અબડાસા તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૬૦૫ હેક્ટર વિસ્તારમાં ૮૦ લાખ ૬૦ હજાર રોપાનું વાવેતર થયેલ છે તેમજ તેની પાછળ કુલ ૧ કરોડ ૫૮ લાખ ૨૦ હજારનો ખર્ચ થયેલ છે.**

**વર્ષ ૨૦૨૨-૨૩**

| **યોજનાનું નામ** | **મોડલનું નામ** | **વાવેતર (હેક્ટરમાં)** | **રોપાની સંખ્યા (લાખમાં)** | **થયેલ ખર્ચ** | **પ્રજાતી** |
|---|---|---|---|---|---|
| ચેર વાવેતરની યોજના (રાજ્ય યોજના) | રેઈઝબેડ વાવેતર | ૧૭૦ હેક્ટર | ૨૭ લાખ ૨૦ હજાર | ૬૨ લાખ ૧૮ હજાર | **એવીસીનીયા મરીના, સીરીયોપ્સ ટગલ, રાઈઝોફોરા મ્યુક્રોનાટા.** |
| | બીજ વાવેતર | ૧૦૦ હેક્ટર | ૪ લાખ | | |
| **કુલ --** | | **૨૭૦ હેક્ટર** | **૩૧ લાખ ૨૦ હજાર** | **૬૨ લાખ ૧૮ હજાર** | |

**વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચેર વાવેતરની યોજના (રાજ્ય યોજના) | રેઈઝબેડ વાવેતર | ૧૦૦ હેક્ટર | ૧૬ લાખ | ૩૯ લાખ ૮૩ હજાર | **એવીસીનીયા મરીના, સીરીયોપ્સ ટગલ, રાઈઝોફોરા મ્યુક્રોનાટા.** |
| | બીજ વાવેતર | ૩૫ હેક્ટર | ૧ લાખ ૪૦ હજાર | | |
| કેમ્પા વાવેતર (રાજ્ય યોજના) | રેઈઝબેડ વાવેતર | ૨૦૦ હેક્ટર | ૩૨ લાખ | ૫૬ લાખ ૧૯ હજાર | |
| **કુલ --** | | **૩૩૫ હેક્ટર** | **૪૯ લાખ ૪૦ હજાર** | **૯૬ લાખ ૨ હજાર** | |

## અગ્રતાક્રમાંક.૦૮

શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા (માંડવી)

**પ્રશ્ન–**

**કચ્છ જિલ્લામાં મુખ્યત્વે તાલુકાવાર કુલ કેટલો ચેરનો વિસ્તાર આવેલો છે? અને ચાલુ વર્ષે કચ્છ જિલ્લામાં કઇ–કઇ યોજનાઓ હેઠળ ચેર વાવેતરના કામો કરવામાં આવેલ છે?**

**જવાબ–**

- **લખપત** તાલુકામાં **૨૮૫.૧૮ ચો.કી.મી.**, **અબડાસા** તાલુકામાં **૨૬૫ ચો.કી.મી.** અને **મુન્દ્રા** તાલુકામાં **૫૩.૩૪ ચો.કી.મી. નોટીફાઇડ ચેર વિસ્તાર** આવેલો છે.
- તે સિવાય રેવન્યુ અને અનસર્વેડ વિસ્તાર મળી કચ્છ જિલ્લામાં કુલ **૭૯૯ ચો.કી.મી.** મેન્ગ્રુવ કવર આવેલો છે.
- ચેર વાવેતર માટે રાજય યોજના હેઠળ વર્ષ **૨૦૨૨–૨૩** અને **૨૦૨૩–૨૪**માં જુદી–જુદી યોજનાઓ હેઠળ કરવામાં આવેલ વાવેતરની વિગતો જોઇએ તો....

વર્ષ ૨૦૨૨–૨૩

| **યોજનાનું નામ** | **મોડલનું નામ** | **વાવેતર** | **રોપાની સંખ્યા** | **થયેલ ખર્ચ** | **ઉત્પન્ન માનવદિન** | **પ્રજાતી** |
|---|---|---|---|---|---|---|
| ચેર વાવેતરની યોજના (રાજ્ય યોજના) | રેઇઝબેડ વાવેતર | ૪૯૫ હેક્ટર | ૭૯ લાખ ૨૦ હજાર | ૧૭૧ લાખ ૮૫ હજાર | ૨૨,૩૩૧ માનવદિન | એવીસીનીયા મરીના, સીરીયોપ્સ ટગલ, રાઇઝોફોરા મ્યુક્રોનાટા |
| | બીજ વાવેતર | ૨૦૦ હેક્ટર | ૮ લાખ | | | |
| **કુલ---** | | **૬૯૫ હેક્ટર** | **૮૭ લાખ ૨૦હજાર** | **૧૭૧ લાખ ૮૫ હજાર** | **૨૨૩૩૧ માનવદિન** | |

(૨) પાછળ

# વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતીએ)

| યોજનાનું નામ | મોડલનું નામ | વાવેતર | રોપાની સંખ્યા | થયેલ ખર્ચ | ઉત્પન્ન માનવદિન | પ્રજાતી |
|---|---|---|---|---|---|---|
| ચેર વાવેતરની યોજના (રાજ્ય યોજના) | રેઈઝબેડ વાવેતર | ૨૫૦ હેક્ટર | ૪૦ લાખ | ૭૬ લાખ ૧૮ હજાર | ૯૮૯૪ માનવદિન | એવીસીનીયા મરીના, સીરીયોપ્સ ટગલ, રાઈઝોફોરા મ્યુક્રોનાટા |
| | બીજ વાવેતર | ૯૦ હેક્ટર | ૩ લાખ ૬૦ હજાર | | | |
| કેમ્પા વાવેતર (રાજ્ય યોજના) | રેઈઝબેડ વાવેતર | ૬૩૭ હેક્ટર | ૧૦૧ લાખ ૯૨ હજાર | ૬૦૭ લાખ ૨૩ હજાર | ૭૭,૫૨૭ માનવદિન | |
| | બીજ વાવેતર | ૨૬૩ હેક્ટર | ૧૦ લાખ ૫૨ હજાર | | | |
| ગુજરાત ઈકોલોજી કમિશન | રેઈઝબેડ વાવેતર | ૬૦ હેક્ટર | ૯ લાખ ૬૦ હજાર | ૬૯ લાખ ૪૨ હજાર | ૯૦૧૫ માનવદિન | |
| | બીજ વાવેતર | ૧૫૦ હેક્ટર | ૬ લાખ | | | |
| **કુલ ---** | | **૧૬૬૦ હેક્ટર** | **૧૭૧ લાખ ૬૪ હજાર** | **૭૫૨ લાખ ૮૩ હજાર** | **૯૬,૪૩૬ માનવદિન** | |
| **એકંદરે કુલ (બંન્ને વર્ષની)--** | | **૨૩૫૫ હેક્ટર** | **૨૫૮ લાખ ૮૪ હજાર** | **૯૨૪ લાખ ૬૮ હજાર** | **૧,૧૮,૭૬૭ માનવદિન** | |